# દિવ્યક્રાંતિ

Date: 05 to 9 October (Fortnightly Edition)








Owner-Editor and Publisher : Jaydev K. Budhbhatti +91 97231 62036 • RNI Reg. No. GUJGUJ/2013/56930 • www.divyakranti.com • info@divyakranti.com • facebook.com/divyakrantinews • Price: 3:00 • 97231 62036 • 9601977755


# દર્દી પહોંચે તે પહેલા જ હોસ્પિટલને મહત્વની માહિતી પહોંચાડશે 5G કનેક્ટેડ એમ્બ્યુલન્સ


જુઓ પાનું (૩)
































**નોધઃ** આ ઈ-પેપરમાં કોઈપણ વ્યકિતના મોબાઈલ નંબર પર કલિક કરવાથી કોલ કરી શકશો..

# પાટીદાર નવરાત્રી ટીમે મનોદિવ્યાંગ બાળકોની શાળા માટે વાન અર્પણ કરી



મોરબીમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ચાલતી માં મંગલમૂર્તિ વિશિષ્ટ બાળકોની શાળાના બાળકોના પરિવહન માટે વાન આપવાનો નિર્ણય કરેલ હતો અને મોરબી પાટીદાર નવરાત્રીની ટીમે મનોદિવ્યાંગ બાળકોની શાળા માટે વાન અર્પણ કરવામાં આવેલ છે. મોરબીમાં વર્ષ ૨૦૦૬ થી મનો દિવ્યાંગ બાળકો માટે માં મંગલ મૂર્તિ વિશિષ્ટ બાળકોની શાળા ચાલે છે જેમાં પિસ્તાલીસ જેટલા મનો દિવ્યાંગ બાળકોનું લાલનપાલન પોષણ કરવામાં આવે છે અને સવારે ૮ વાગ્યાથી આ બધા જ બાળકો પોતપોતાની વાહનની વ્યવસ્થા કરી શાળાએ આવે છે ત્યાં સવારે પગના તળિયે ગાયના ઘીથી માલિશ કરવામાં આવે છે પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવે છે અને બાળકોને જીવન કૌશલ્યો શીખવવામાં આવે છે દિવ્યાંગ બાળકો પ્રત્યે સમાજમાં સહાનુભૂતિ નહિ પણ સ્વીકૃતિ મળે એવા પ્રયત્નો કરવામાં આવે છે, આ મેન્ટલી ચેલેન્જ બાળકોને અક્ષર જ્ઞાન, રંગપુરણી, ચિત્રકામ એબેકસ પ્રવૃત્તિ, વાંચન, લેખન ગણન વગેરે શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે રોજ બરોજની દૈનિક ક્રિયાઓ કેવી રીતે કરવી? એ શીખવવામાં આવે છે.

આ બાબત અજય લોરીયાના ધ્યાનમાં આવતા સેવા એજ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા ચાલતી પાટીદાર નવરાત્રીમાં સવજીભાઈ બારૈયા અને પ્રમોદભાઈ વરમોરાના સૌજન્યથી સ્કૂલ વેન અર્પણ કરવામાં આવેલ છે દાતાઓની આ દિલેરીને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ મોરબી જિલ્લાના પ્રમુખ દિનેશભાઈ વડસોલા, દુર્ગાબેન કૈલા, દિપાબેન કોટક,મિતલબેન કૈલા મયુરીબેન ટીલવા,નેહાબેન વગેરે દિવ્યાંગ બાળકોના શિક્ષિકાઓએ વધાવી લીધી હતી.

# માઉન્ટ મનાસ્લુ સર કરી તિરંગો લહેરાવી રેકોર્ડ સર્જતાં મોરબીના બે પોલીસ કર્મચારીઓ



સમગ્ર ગુજરાત પોલીસ બેડમાંથી પ્રથમ વખત મોરબી પોલીસ બેડાના બે જાબાઝ પોલીસ કર્મચારીઓએ માઉન્ટ મનાસ્લુના ૭૦૦૦ મીટર ચઢીને રાષ્ટ્રધ્વજ ફરકાવી રેકોર્ડ સર્જ્યો છે. સમગ્ર ગુજરાત પોલીસમાંથી મોરબી પોલીસના બે કર્મચારીઓએ આ પ્રથમ વખત સિદ્ધિ મેળવી છે.

ગુજરાત પોલીસમાંથી પ્રથમ વખત વિશ્વરનો ૮માં નંબરનો પહાડ માઉન્ટ મનાસ્લુના ૭૦૦૦ મીટરની ઉંચાઈ ચઢીને ગુજરાત પોલીસનો ફ્લેગ અને રાષ્ટ્રધ્વજ ફરકાવી રેકોર્ડ સર્જ્યો હતો. મોરબી પોલીસ કર્મચારી ભુમિકા દુર્લભજીભાઈ ભુત (પોલીસ કોન્સ્ટેબલ, પોલીસ હેડ ક્વાર્ટર, ચાંચાપર ગામ મોરબી) તથા પૃથ્વીરાજસિંહ રણજીતસિંહ જાડેજા (ગામ કોયલી-પોલીસ કોન્સ્ટેબલ, તાલુકા પોલીસ સ્ટેશન,કોયલી,મોરબી)એ પોતાના નામે કર્યો છે. અને સમગ્ર ગુજરાતમાં પોલીસ વિભાગમાં મોરબી પોલીસનું ગૌરવ વધાર્યું છે.

# મોરબીમાં બંગાળી સમાજ દ્વારા દુર્ગાષ્ટમી મહોત્સવનું ભવ્ય આયોજન




મોરબીમાં બંગાળી સમાજ દ્વારા લખધીરવાસ ચોક ખાતે વિશાળ પંડાલમાં દુર્ગાષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે અને છ દિવસ સુધી ત્યાં શ્રદ્ધા પૂર્વક બંગાળી સમાજના લોકો દ્વારા પૂજન અર્ચન કરવામાં આવશે. કોરોના મહામારી બાદ આ વર્ષે દુર્ગાષ્ટમીના છ દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ન માત્ર બંગાળી સમાજના લોકો પરંતુ મોરબીના લોકો દર્શન અને પૂજન માટે આવે છે અને મહાઆરતી સહિતના ધાર્મિક પ્રસંગોને ધામધુમથી ઉજવવામાં આવે છે

# રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવથી ડાંગર, મકાઈ અને બાજરીની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરાશે

રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૨-૨૩ અંતર્ગત ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી આગામી તા.૧૭/૧૦/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન ડાંગર માટે ૯૮, મકાઈ માટે ૬૭ અને બાજરી માટે ૮૯ જેટલા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠો નીગમ લીમીટેડના ખરીદ કેન્દ્રો ખાતે કરવામાં આવનાર છે.

ભારત સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવ ડાંગર (કોમન) માટે રૂ.૨૦૪૦/- પ્રતિ ક્વિન્ટલ, ડાંગર (ગ્રેડ—એ) માટે રૂ. ૨૦૬૦/- પ્રતિક્વિન્ટલ મકાઈ માટે રૂ.૧૯૬૨/-પ્રતિ ક્વિન્ટલ અને બાજરી માટે રૂ.૨૩૫૦/- પ્રતિ ક્વિન્ટલ નિયત કરેલ છે. લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ દ્વારા તા. ૩૧/૧૦/૨૦૨૨ સુધીમાં કરાવી શકાશે.

નોંધણી કરાવવા તમામ ખેડૂતોએ નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે,



આધાર કાર્ડની નકલ, અદ્યતન ૭-૧૨, ૮-અની નકલ, નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી નાં થઈ હોય તો પાક વાવ્યા અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના બેંક એકાઉન્ટની પાસબૂકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ(ૈંહજીઝ કોડ સહિતનો) સાથે લાવવાનો રહેશે.

ખેડૂતોને તેમનો જથ્થો સાફસુફ તથા ચારણો કરી તેમજ તેમાં ભેજનું પ્રમાણ નિયત મર્યાદામાં રહે તે માટે જરૂરી જણાયે તડકામાં સુકવી ખરીદ કેન્દ્ર ખાતે લાવવાનો રહેશે જેથી ખેડૂતોનો જથ્થો અસ્વિકૃત ન થાય. રજીસ્ટ્રેશન બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. રજીસ્ટ્રેશન તેમજ ખરીદકેન્દ્ર ખાતે બારદાન અંગેનો કોઈ ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેતો નથી તેવું ગુ.રા.નાં.પુ.ની.લી.- મોરબીના નાયબ જિલ્લા મેનેજરશ્રીની યાદીમાં જણાવાયું છે.

# લાયન્સ કલબ દ્વારા સામાન્ય પરિવારની ગરબે રમતી દીકરીઓને પ્રોત્સાહિત કરાઈ



લાયન્સ કલબ ઓફ મોરબી સીટી દ્વારા નવરાત્રિ મહોત્સવમા બીજી ઓકટોમ્બર ગાંધી જયંતિ અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ નિમિત્તે અને વિશ્વવૃદ્ધ દિવસના રોજ નવલખી રોડ પર આવેલ રણછોડનગર સોસાયટીમાં સાઈમંદીર અને હનુમાનજી મંદિરના પટાંગણમાં ગરીબ પરિવારની બાળાઓ કે જેઓએ નવરાત્રિ ગરબીમાં ભાગ લીધો હોય તેવી ૭૦ નાની મોટી બાળાઓ અને તેમને પ્રોત્સાહીત કરાઈ હતી.

ગાંધી જયંતિ અને લાલબહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ નિમિત્તે લાયન્સ કલબ ઓફ મોરબી સીટીના પ્રેસિડેન્ટ જીજ્ઞેશભાઈ કાવર સેક્રેટરી લા. કેશુભાઈ ખજાનચી તથા પાસ્ટ પ્રેસિડેન્ટ લા. ટી. સી. ફુલતરિયા સૌરાષ્ટ્ર કચ્છના દ્વિતીય વાઈસ ગવર્નર લા. રમેશભાઈ રૂપાલા લાયન્સ કલબ ઓફ મોરબી સીટીના સભ્યો, લા. મનીલાલભાઈ કાવર, લા. મહાદેવભાઈ ચિખલિયા,લા. પ્રાણજીવનભાઈ રંગપડીયા તથા મંદિરના સંચાલક પુજારી બાબુભાઈ અને સોસાયટીના રહીશોની હાજરીમાં બાળાઓને લાયન્સ કલબ ઓફ મોરબી સીટીના તમામ સભ્યોએ ભેટ આપી પ્રોત્સાહિત કરી સાથે નાની બાળાઓના ગરબા રાસ નિહાળી માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. બાળાઓ પણ ખૂબજ ખુશ થઈ આ રીતે સ્લમ વિસ્તારની દીકરીઓને મદદરૂપ થઈ દરેક સભ્યો આંનંદિત થયા હતા.



અજયભાઇ લોરિયા તથા સેવા એજ સંપત્તિ ફાઉન્ડેશન દ્વારા આયોજિત પાટીદાર નવરાત્રી મહોત્વ દ્વારા શહીદ જવાનોના પરિવારજનોને એક-એક લાખ રૂપિયાના ચેક અર્પણ કરી માં ભારતીનું ઋણ ચૂકવવાનું માનવતાનું સુંદર કાર્ય કરાયું હતું.



મોરબીમાં ટાઉનશિપ સ્થિત યુનિક સ્કૂલ ના બાળકો અને શિક્ષકો દ્વારા ગાંધી જયંતી ના ઉપક્રમે ગાંધીજીના વિચારો ફેલાવવા માટે એક રોડ શો યોજાયો હતો.આ રોડ શો દ્વારા બાળકોએ સ્વચ્છતા અભિયાન અને ગાંધીજીના વિચારોનો લોકોમા જાગૃતિ આવે એવા સૂત્રોચાર અને પ્રવૃત્તિઓ દ્વારા જન જાગૃતતા લાવવાનો પ્રયાસ કર્યો છે. : આ પ્રવૃત્તિમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા શિક્ષકો અને વાલી મિત્રોએ ભાગ લીધો હતો આ રોડ સોના ભાગરૂપે યુનીક સ્કૂલના બાળકોએ ગેંડા સર્કલ ને સ્વચ્છ કરી અને સમૂહમાં રાષ્ટ્રગાન કર્યું હતું.આવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને પ્રેક્ટીકલ જ્ઞાન અને તહેવારોની સાચી સમજ આપવાનો પ્રયાસ યુનિક સ્કૂલ દ્વારા કરવામાં આવતો રહે છે.

# હળવદ પાલિકાના પૂર્વ પ્રમુખ આમ આદમી પાર્ટીમાં જોડાયા



હળવદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને કોંગ્રેસ કિશાન સેલ ગુજરાત પ્રદેશના મહામંત્રી મનસુખભાઈ પારેજિયા (હનુમાન) આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીના હસ્તે આમ આદમી પાર્ટીની વિચારધારાથી પ્રેરાઈને આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો છે.

# ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ



મોરબી શાખામાં વિજેતા થયેલ નવયુગ સંકુલની ટીમ એ તા. ૦૨ ના રવિવારનાં રોજ આત્મીય કોલેજ-રાજકોટ ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર-કચ્છ પ્રાંતની રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં મોરબીનું પ્રતિનીધીત્વ કરેલ. અલગ-અલગ શાખાઓમાંથી ટોટલ ૨૦ જેટલી ટીમ અને અંદાજે ૨૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં નવયુગ સંકુલની ટીમએ દ્વિતીય સ્થાને વિજેતા થઈને મોરબીને ગૌરવ અપાવ્યું છે. ભારત વિકાસ પરિષદ-મોરબી શાખાનાં રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનાં સંયોજક-ધ્રુમિલભાઈ આડેસરા, સહસંયોજક-હિંમતભાઈ મારવણીયા તેમજ સંગઠન મંત્રી-દિલીપભાઈ પરમાર એ સ્પર્ધામાં હાજર રહી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. નવયુગ સંકુલની ટીમનાં સંગીત શિક્ષક તુષારભાઈ પૈજાએ બાળકોને સ્પર્ધા માટે તૈયાર કરવા માટે ભારે જહેમત ઉઠાવેલી.

# મોરબીમાં એકતા એ જ લક્ષ્ય સંગઠન દ્વારા સંસ્કૃતિના જતન માટે અનોખી પહેલ

એકતા એજ લક્ષ્ય સંગઠન દ્વારા એક અનોખી પહેલ શરૂ કરવામાં આવેલ છે. હાલ શેરી ગરબા તથા સાંસ્કૃતિક ગરબા શ્રેષ્ઠ વિકલ્પ છે જેથી ફરીથી નવરાત્રીને સાચી ઓળખ માટે મોરબીમાં રોજ જે ત્રણથી ચાર એવી નવરાત્રી કે જે સાંસ્કૃતિક છે અથવા જે શેરી ગરબા છે ત્યાં શક્તિ સ્વરૂપે તલવાર ભેટ આપી તેના આયોજકોને પ્રોત્સાહન કરવામાં આવી રહ્યા છે. શેરી ગરબા તથા સાંસ્કૃતિક ગરબાને પ્રાધાન્ય મળે મોરબીમાં ૧૫ આજુબાજુ આવા ગરબામા સંગઠન જઈ ઉત્સવ વધારશે અને આયોજકોને સંગઠન નારો પણ આપશે અઢારે વરણ એક સાથે સાંસ્કૃતિક વારસા માટે સંગઠનના સંસ્થાપક હિન્દુ ભગીરથસિંહ રાઠોડ દ્વારા આ પહેલ શરૂ કરવામાં આવી છે હાલ આ પહેલ મોરબીથી શરૂ કરવામાં આવી છે અને આગલા વર્ષે સમગ્ર ગુજરાતમાં શરૂ કરાશે.



# વાંકાનેર ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં ૧૦ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન પ્રવેશબંધી

રાજ્યના જુદા જુદા રા.અ.પો. દળના આ.પો.કો.ની મરીન કમાન્ડો તરીકે પ્રતિનિયુક્તિના ધોરણે પસંદગી પ્રક્રિયા હાથ ધરવાની હોઈ, તેઓની ફાયરીંગ ટેસ્ટ લેવા માટે વાંકાનેર ફાયરીંગ બટ ખાતે ફાયરીંગ પ્રેકટીસ લેવાની હોય તા.૧૦/૧૦/૨૦૨૨ થી ૨૦/૧૦/૨૦૨૨ સુધી વાંકાનેર ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.કે. મુછાર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ જાહેરનામાં અનુસાર મોરબી જિલ્લાના વાંકાનેર ખાતે ફાયરીંગ બટ વાંકાનેર રેલ્વે લાઈન તરફ (સિંધાવદર રેલ્વે ફાટકથી વાંકાનેર તરફ જતા રેલ્વે લાઈનને સમાંતર સામે અમરનગર ફાટક પાસે, ઉતરે આવેલ ડુંગરની ધાર પાસે) આવેલ છે, તે ફાયરીંગ બટ વિસ્તારમાં તા.૧૦/૧૦/૨૦૨૨ થી ૨૦/૧૦/૨૦૨૨ સુધી જાહેર જનતાને પ્રવેશવું નહીં, ત્યાંથી પસાર થવું નહીં, કોઈ વાહનો કે ઢોર સાથે ત્યાંથી પસાર થવું નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ ની તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે

# કિશોર ચીખલીયાની ઘર વાપસી સામે કોંગ્રેસમાં જ વિરોધ

## અગાઉ પ્રમુખ બનવા કરેલો બળવો, લાંચ કેસ અને પેટા ચૂંટણીમાં કોંગ્રેસને હરાવવા કરેલા પ્રયાસો મૂળ કોંગ્રેસીઓ ભૂલ્યા ન હોવાનો સુર



મોરબી : મોરબી માળીયા વિધાનસભા પેટા ચૂંટણી સમયે ભાજપનો કેસરિયો ધારણ કરનાર મોરબી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કિશોર ચીખલીયાએ અચાનક જ ભાજપ છોડી પ્રદેશ કોંગ્રેસના નેતાઓની હાજરીમાં પુનઃ ઘરવાપસીની જાહેરાત કરી છે ત્યારે કોંગ્રેસમાં આ તકવાદી નેતા સામે વિરોધના સુર ઉઠ્યા છે.

મોરબીના મૂળ કોંગ્રેસી આગેવાનોએ અગાઉ જિલ્લા પંચાયતના પ્રમુખ બનવા કિશોર ચીખલીયાએ કરેલો બળવો, લાંચ કેસ અને પેટા ચૂંટણીમાં કોંગ્રેસને હરાવવા કરેલા પ્રયાસોને યાદ કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ સંગઠનના વિવિધ સેલના પ્રમુખો, અને અન્ય સંગઠનના હોદેદારો તેમની સાથે અમદાવાદ નહિ જાય, વધુમાં કોંગ્રેસી આગેવાનોએ પ્રદેશ નેતાગીરીને પણ ઉપરોક્ત બાબતો અંગે વિચારણા કરવા ઉપર ભાર મુક્યો હતો.

# મોરબીના શનાળામાં રાજપૂત સમાજ દ્વારા શસ્ત્ર પૂજન, રેલી અને શરદોત્સવ

મોરબી જિલ્લા રાજપૂત સમાજ દ્વારા દશેરા નિમિતે શસ્ત્ર પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે મોરબીના મહારાણા પ્રતાપ સર્કલથી રાજપૂતાના રેલી યોજાશે અને શરદ પુનમના દિવસે રાજપૂત સમાજ દ્વારા શક્ત શનાળા ગામે શક્તિ માતાજીનાં મંદિરે હવન રાખવામા આવેલ છે આવી જ રીતે આ વર્ષે પણ શસ્ત્ર પૂજન અને શરદ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે અને મોરબીના વનાળિયામાં ભટ્ટ પરિવાર દ્વારા શરદ પૂનમે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.



મોરબી તથા ટંકારા તાલુકામાં વસતાં ઝાલા રાજપૂત સમાજ તરફથી શક્ત શનાળા ગામે શક્તિ માતાજીનાં મંદિરે છેલ્લા ઘણા વર્ષથી શરદ પૂનમનાં દિવસે હવન-યજ્ઞ વિગેરેનું આયોજન કરવામાં આવે છે તેવી જ રીતે આ વર્ષે પણ પરંપરા મુજબ તા. ૯ ને રવિવારે હવન યજ્ઞાદિનું આયોજન કરેલ છે જેમાં યજમાન પદે સાવજસિંહ નરવીરસિંહ ઝાલા (રંગપર), ભાગીરથસિંહ રૂપસિંહ ઝાલા (મોટા ખીજડીયા) અને પ્રદ્યુમનસિંહ બહાદુરસિંહ ઝાલા (નાની વાવડી) બેસસે અને હવન-યજ્ઞાદિ સવારે ૮:૦૦ થી ૧૨:૩૦ કલાક સુધી ચાલશે અને દરવર્ષની જેમ સભા અને પ્રસાદનું આયોજન કરવામાં આવે છે ત્યારે સમાજના દરેક ભાઈઓ બહેનોએ માતાજીના દર્શન, હવનના દર્શનનો લાભ લેવા માટે આવવા સંસ્થાના પ્રમુખ બાપાલાલસિંહ જે. ઝાલા (રતનપર), ઉપપ્રમુખ લાલુભા બી. ઝાલા (કેરાળા) અને મંત્રી યુવરાજસિંહ ડી. ઝાલા (શકત શનાળા)એ જણાવ્યુ છે.

તો મોરબી જિલ્લા રાજપૂત સમાજ દ્વારા દશેરાના દિવસે બપોરે બે વાગ્યાથી મોરબીના મહારાણા પ્રતાપ સર્કલથી શનાળા ગામે આવેલ શક્તિ માતાજીનાં મંદિર સુધી રાજપૂતાના રેલીનું આયોજન કરવામાં આવ્યું છે જેની માહિતી આપતા સમાજના પ્રમુખ દશરથસિંહ યુ. ઝાલા અને મહામંત્રી મહાવીરસિંહ એન, જાડેજાએ જણાવ્યુ છે કે, શસ્ત્ર પૂજન પહેલા દરવર્ષે મોરબીમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવે છે તેવી જ રીતે આ વર્ષે પણ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે તેમાં સમાજના ભાઈઓને રજવાડી પોષકમાં સાફા અને તલવાર સાથે સાથે મહારેલીમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે તેમજ મોરબી જિલ્લા રાજપૂત સમાજ દ્વારા શરદ પૂનમનાં દિવસે મોરબીના દરબાર ગઢ ખાતે રસોત્સવનું આયોજન કરવામાં આવ્યું

# મોરબી આઈ.સી.ડી.એસ. દ્વારા જિલ્લા કક્ષાનો ભૂલકાં મેળો વાંકાનેર ખાતે યોજાયો

**ભૂલકાં મેળાના માધ્યમથી બાળકોને સર્વાંગિક વિકાસ કરવાના પ્રયાસ હેઠળ અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરાયું**





પૂર્વ પ્રાથમિક શિક્ષણનાં પ્રોજેક્ટ પા પા પગલી અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ અને તેનું આકલન માટે વાલીઓને વાકેફ કરી બાળકના સર્વાંગી વિકાસમાં અને બાળ ઉછેરમાં વાલીઓની ભૂમિકા સમજાવવાના હેતુથી આઈ.સી.ડી.એસ.શાખા જિલ્લા પંચાયત-મોરબી દ્વારા પટેલ સમાજવાડી સ્ટેશન રોડ વાંકાનેર ખાતે ભુલકાં મેળો ઉજવવામાં આવ્યો હતો.બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને રાખીને આંગણવાડી અભ્યાસક્રમ આધારિત ૧૭ થીમ મુજબની શૈક્ષણિક પ્રવૃત્તિઓ જાતે બનાવી શકાય અને ઘરમાં ઉપલબ્ધ હોય તેવી સામગ્રીથી શીખવા અને શીખવવા માટે શૈક્ષણિક સાધનાને પ્રદર્શન રૂપે બાળકો, વાલીઓ અને આંગણવાડી કાર્યકર નિહાળે અને થીમની પ્રવૃત્તિથી માહિતગાર થાય તે હેતુથી ભૂલકા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ભૂલકા મેળા અંતર્ગત વાલીઓને બાળકોના સર્વાંગી વિકાસ માટે ડેવલોપમેન્ટ એસેસમેન્ટ અંગે માહિતી આપી ઘરમાં તેવું વાતાવરણ પૂરું પાડવા પ્રવૃત્તિ દ્વારા શીખવવામાં આવ્યું હતુ. આંગણવાડી કાર્યકર અભ્યાસક્રમ આધારિત ૧૭ થીમ ના શીખવા શીખવવાના સાધનો અંગે માહિતીગાર કરવામાં આવ્યા હતા અને તે મુજબ કેન્દ્ર પર વિવિધ પ્રવૃત્તિ કરવા શીખવવામાં આવી હતી. બાળકોને મુક્ત આનંદ દ્વારા સર્વાંગી વિકાસ થાય તે અંગે વાલીઓ અને કાર્યકરને પ્રવૃત્તિ દ્વારા સમજાવવામાં આવ્યા હતા.

મોરબી જિલ્લા કક્ષાના ભૂલકા મેળાના આયોજનમાં તમામ પ્રિ-સ્કુલ ઈન્સ્ટકટર દ્વારા બનાવેલ ્ન્સ અને મુખ્ય સેવિકા બહેનો દ્વારા આંગણવાડી કાર્યકરને યોગ્ય માર્ગદર્શન આપી કાર્યકર દ્વારા તૈયાર કટેલ ્ન્સ જિલ્લા કક્ષાના ભૂલકા મેળામાં નિદર્શનમાં મુકવામાં આવ્યા હતા. વાંકાનેર ઘટક-૨ સીડીપીઓ મયુરીબેન ઉપાધ્યાય દ્વારા જિલ્લા કક્ષાના ભૂલકા મેળામાં રમત, પપેટ શો, સર્જનાત્મક પ્રવુતિ, બાળગીતો, જોડકણા, અભિનય ગીતની પ્રવૃત્તિ દ્વારા આંનદ અને ઉલ્લાસ સાથે મેળાનું આયોજન આઈ.સી.ડી.એસ. મોરબીના પોગ્રામ ઓફિસર કોમલબેન ઠાકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન , સરોજબેન ડાંગરોચા, વાંકાનેર તાલુકા પંચાયત પ્રમુખ વર્ષાબેન ઝાલા અને જિલ્લા પંચાયતના સદસ્ય ઝાહીરઅબ્બાસ શેરશીયા તથા બહોળી સંખ્યામાં બાળકો અને વાલીઓ તથા આંગણવાડીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના પીપળી-જેતપુરનો ફોરલેન માર્ગ બનાવવા રૂા.૧૪૧ કરોડની મંજૂરી



મોરબી-માળિયાના ધારાસભ્ય અને રાજ્ય મંત્રી બ્રિજેશભાઈ મેરજાએ પીપળી-જેતપર ચાર માર્ગીય રસ્તો મંજુર કરાવ્યો હતો બાદમાં રસ્તાનું પ્રાથમિક સર્વેક્ષણ, જમીન સંપાદન, રોડની મજબૂતીકરણની ખેવના અને સૈદ્ધાંતિક મંજુરી તથા વહીવટી મંજુરી સુધી માર્ગ અને મકાન વિભાગના ઈજનેરથી લઈને સચિવ સુધી સતત ફોલોઅપ લઈને સઘન પ્રયાસો કરતા રૂ ૧૪૧ કરોડના ખર્ચે ટેન્ડર મંજુર થયું છે. મોરબી પંથકમાં મહત્વના સિરામિક ઉધોગને સ્પર્શતા રસ્તાની માંગણી સંતોષવામાં મંત્રી બ્રિજેશભાઈ મેરજાને સફળતા મળી છે નાણા વિભાગે રૂ ૧૪૧ કરોડના ટેન્ડરને બહાલી આપી છે જેથી માર્ગ અને મકાન વિભાગ તાત્કાલિક એજન્સી નક્કી કરી, વર્કઓર્ડર આપી ડીપોઝીટ ભરાવીને કામ તાબડતોડ હાથ ધરશે તેમ મંત્રીએ જણાવ્યું છે આવનાર દિવસોમાં યુધ્ધના ધોરણે કામગીરી ચાલુ રાખીને વહેલી તકે ચાર માર્ગીય રસ્તાની સુવિધા મળે તે માટે બ્રિજેશભાઈ મેરજા સતત જાગૃત રહેશે તેમ પણ અંતમાં જણાવ્યું છે.

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala p days, Volume-4, Issue-132, Year-8 Price Rs. 3.00, M. 097231 62036

નોધઃ આ પેજ પર આપેલ ગરબીની તસ્વીર પર કલિક કરવાથી તે ગરબીનો વિડીયો જોઈ શકાશે

